GJVD130003352026

**ક્રિમીનલ પરચુ.અ.નં. ૧૯/૨૦૨૬**

**ફરીયાદી :–** **શ્રી સરકાર**
વિ.એ.પી.પી.શ્રી સુનીલભાઇ પ્રજાપતિ.

**વિરુધ્ધ**

**આરોપી :–** **અસ્ફાકહુસેન આસીકહુસેન ઉર્ફે તલાટી સીકંદરખા પઠાણ**
બન્ને રહે. શિનોર ટીમ્બા ફળીયા, તા. શિનોર, જી. વડોદરા.
વિ.વ.શ્રી :– આર.ડી.પટેલ

**શિનોર પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુ.ર.નં. ૧૧૧૯૭૦૪૬૨૬૦૧૧૨/૨૦૨૬, બી.એન.એસ. એકટની કલમ – ૩૦૮(૩), ૩૦૮(૭), ૧૧૫(૨), ૨૯૪(ખ), ૬૧(૨)(ક), ૩૦૮(૨) મુજબના ગુનાના કામે આરોપીની જામીન અરજી લગત હુકમ.**

---

(૧) જામીન અરજી વંચાણે લીધી. આરોપીઓ તર્ફે વિ.વ.શ્રીને સાંભળ્યા. ચાર્જનાં એ.પી.પી.શ્રીને વી.સી. મારફતે સાંભળ્યા.

(૨) આરોપી તર્ફે વિ.વ.શ્રીએ જામીન અરજી રજુ કરી એવી રજુઆત છે કે, આરોપી તદ્દન નિર્દોષ છે, તેમણે કહેવાતો કોઈ ગુનો કરેલ નથી, આરોપીને ખોટી રીતે સદર ગુનામાં સંડોવી દીધેલ છે, આવો કહેવાતો કોઈ ગુનો આચરેલ નથી, આરોપી ઉપર આક્ષેપીત ગુના સબબ આરોપીને જામીન મુક્ત કરવાની આ અદાલતને ખાસ સંજોગોમાં સત્તા છે. આરોપીનાં કુટુંબનો જીવન નિર્વાહનો આધાર આરોપી ઉપર છે. જેથી આરોપીને જામીન મુકત કરવામાં ન આવે તો આરોપીનું કુટુંબ ભુખે મરે તેમ છે. વળી આરોપીને પ્રીટ્રાયલ કન્વીકશન થશે, આરોપી ઉપર આજીવન કેદ કે દેહાંત દંડની સજાને પાત્ર કેસ નથી, વળી, સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચાલવામાં ઘણો સમય નીકળી જાય તેમ છે, આરોપી શિનોર મુકામે કુટુંબ કબીલા સાથે રહે છે અને આરોપી નાસી–ભાગી જાય તેમ નથી. આરોપી નામદાર કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનુ પાલન કરશે અને પુરાવા સાથે છેડછાડ નહી કરવાની બાંહેધરી આપી આરોપીને જામીન મુકત કરવા અરજ કરેલ છે.

(૩) ફરીયાદપક્ષે ચાર્જનાં એ.પી.પી.શ્રીએ વી.સી. મારફતે પોતાની મૌખિક રજુઆત કરેલ છે કે, આ કામના આરોપી ઉપર બી.એન.એસ. એકટની કલમ–

૩૦૮(૩), ૩૦૮(૭), ૧૧૫(૨), ૨૯૪(ખ), ૬૧(૨)(ક), ૩૦૮(૨) મુજબના ગુનાનો ગંભીર આક્ષેપ છે, વળી આરોપીને જો જામીન ઉપર છોડી મુકવામાં આવે તો સમાજમાં ખોટો મેસેજ જાય તેમ છે. આથી આરોપીની જામીન અરજી નામંજુર કરવી જોઈએ.

(૪) આમ, બન્ને પક્ષકારોની ઉપરોકત રજુઆત, એફ.આઈ.આર. તેમજ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૦ નો પ્રોવીઝનોમાં આપવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતા હાલના કામના આરોપી ઉપર બી.એન.એસ. એકટની કલમ–૩૦૮(૩), ૩૦૮(૭), ૧૧૫(૨), ૨૯૪(ખ), ૬૧(૨)(ક), ૩૦૮(૨) મુજબના ગુનાનો આક્ષેપ છે. વધુમાં આરોપી અત્રેની કોર્ટ ફરમાવે તેવી શરતોનુ પાલન કરશે તેવી બાંહેધરી આપતા હોય ઉપરોકત સંજોગો ધ્યાને લેતા આરોપીને જામીન મુકત કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ છે. તેમજ નામદાર સુપ્રીમ કોર્ટના "**Sanjay Chandra Vs. C.B.I**" reported in **AIR** 2012 **SC** 830 observed in para–14 of its judgment that "In bail application, generally, it has been laid down from the earliest times that the object of bail is to secure the appearance of the accused person at his trial by reasonable amount of bail". And Hon'ble Apex court has reaffirmed, reiterated and reinforced the principle that "grant of bail is rule and refusal to bail is an exception' in the said judgment. ચુકાદામાં જણાવેલ માર્ગદર્શક સિદ્ધાંતો ધ્યાને લઈ, તથા સજાની જોગવાઈઓ, ગુનાની ગંભીરતા તથા આરોપીની રેકર્ડ પરની વર્તણૂંક જોતા બિનજામીનપાત્ર ગુનામાં જામીન આપવાની અત્રેની અદાલતને વિવેકબુધ્ધીથી સત્તાઓ આરોપીની તરફેણમાં વાપરવી યોગ્ય અને વ્યાજબી જણાતુ હોય, આરોપીની જામીન અરજી તળે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

– હાલની જામીન અરજી આથી **"મંજુર"** કરવામાં આવે છે. આરોપીએ રૂા.૯૫,૦૦૦/– (અંકે રૂપીયા પંચાણું હજાર પુરા) ના સ્થાનીક જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કર્યેથી સદરહું જામીન અરજી તળે નીચેની શરતોને આધીન મંજુર કરવામાં આવે છે.

**શરતો :-**

(૧) ટ્રાયલ દરમ્યાન આરોપીએ નિયમીત રીતે કોર્ટમાં હાજર રહેવુ.

(૨) જો આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો અત્રેની અદાલતમાં દિન-૧૦ માં જમા કરાવવો અને પાસપોર્ટ ન ધરાવતા હોય તો તે અંગેનું સોગંધનામું રજુ કરવું.

(૩) આરોપીએ અત્રેની કોર્ટની પુર્વપરવાનગી સીવાય ભારત દેશની હદ છોડવી નહી.

(૪) આરોપીએ ગુનાનું પુનરાવર્તન કરવુ નહી.

(૫) આરોપી તથા જામીનદારોએ પોતાના નામ સરનામા તેમજ ટેલીફોન નંબર અત્રેની અદાલતમાં અલગ પુરસીસથી રહેણાંકના પુરાવા સાથે જાહેર કરવા તેમજ તેમાં ફેરફાર થાય તો અત્રેની અદાલતને જાણ કરવી.

(૬) આ કામના આરોપીએ સદર ગુનાની તપાસ દરમ્યાન, તપાસ કરનાર અમલદારને સાથ અને સહકાર આપવો તેમજ સદર ગુનાના તપાસ કરનાર અમલદાર જયા અને જયારે ફરમાવે ત્યારે અને ત્યાં અચુક હાજર રહેવુ.

(૭) આ કામના આરોપીએ સબંધિત પોલીસ સ્ટેશનમાં ચાર્જશીટ થતા સુધી દર મહિનાની ૧લી તથા ૧૫મી તારીખે બપોરના ૧૧:૦૦ થી ૦૧:૦૦ ના સમયગાળા દરમ્યાન હાજરી પુરાવવી.

- ઉપરોકત તમામ શરતોનું આરોપીએ ચુસ્તપણે પાલન કરવુ. ઉપરોકત શરતોમાંથી કોઈપણ શરતનું આરોપી ભંગ કરશે તો સદરહું જામીન આપોઆપ રદ થયેલા ગણાશે.

સદર હુકમ આજરોજ તારીખ **૦૫મી,** માહે- **માર્ચ,** સને- **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૫/૦૩/૨૦૨૬

સ્થળ : શિનોર.

**(મેહજબીનબેગમ મેહબુબમીયાં સૈયદ)**
પ્રીન્સીપાલ સીવીલ જજ તથા
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક., શિનોર.
જજ કોડ - જીજે ૦૧૪૫૨

A.R.RATHVA (Guj. Steno)